**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=================================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૫૮૦ / ૨૦૧૮**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ ડો. એ. પી. ઠાકર**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | |
| ૨. | રિપોર્ટરને રીફર કરવું કે નહીં? | |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના | |

| | | |
|---|---|---|
| | નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |

==================================================

એચડીએફસી બેંક લિમિટેડ

વિરુદ્ધ

આશિમા લિમિટેડ

=================================================

ઉપસ્થીતી:–

અરજદાર તરફે સીનિયર એડવોકેટ શ્રી મિહિર ઠાકોર સાથે શ્રી અનીપ એ. ગાંધી (૨૨૬૮) અને શ્રી તેજસ પી. સત્તા (૩૧૪૯)

સામાવાળા તરફે સીનિયર એડવોકેટ શ્રી મિહિર જોશી સાથે શ્રી અમર એન. ભટ્ટ (૧૬૦) અને શ્રી કુણાલ પી. વૈષ્ણવ (૫૧૧૧)

==================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ ડો. એ. પી. ઠાકર**

**તારીખ : ૨૧/૦૧/૨૦૧૯**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી દ્વારા)**

૧. ભારતના બંધારણની કલમ ૨૨૬ અને ૨૨૭ હેઠળની આ અરજી દ્વારા,

અરજદારે (મૂળ પ્રતિવાદી) કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬ માં સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ (આ પછી જેને "કોડ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ના સેક્શન ૧૫૧ સાથે વાંચવામાં આવતા સેક્શન ૧૦ હેઠળ અરજદાર દ્વારા ફાઈલ કરવામાં આવેલ આંક–૧૬૬ નીચે કોમર્શિયલ કોર્ટ, અમદાવાદ દ્વારા પસાર કરવામાં આવેલ તારીખ ૨૭.૧૧.૨૦૧૮ ના ઓર્ડરને પડકાર્યો છે.

૨. સામવાળા (મૂળ વાદી) એ બેંક ઓફ બહરીન અને કુવેત (જેને બીબીકે તરીકે પણ ઉલ્લેખવામાં આવે છે) વિરુદ્ધ સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦03 થી દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ, સામવાળા–વાદીએ અરજદાર–પ્રતિવાદી વિરુદ્ધ સિવિલ સૂટ નં.૩૨૧૩/૨૦૦૪ દાખલ કર્યો હતો, જે બાદમાં કોમર્શિયલ કોર્ટ, અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને તેને કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬ તરીકે નવો નંબર આપવામાં આવ્યો હતો. તારીખ ૨૭.૧૧.૨૦૧૮ ના આક્ષેપિત ઓર્ડર દ્વારા, આંક–૧૬૬ નીચેની અરજી રૂ.૫૦,૦૦૦/– ના ખર્ચ સાથે રદ કરવામાં આવી હતી. તેનાથી નારાજ થઈને, અરજદારે ઉપર નોંધાયેલી રાહત મેળવવા માટે વર્તમાન અરજી ફાઈલ કરી છે.

૩. અરજદારના વિદ્વાન વકીલ શ્રી અનીપ ગાંધી સાથે સીનિયર એડવોકેટ શ્રી મિહિર ઠાકોરે રજૂઆત કરી હતી કે કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬

વાળા પછીનો દાવો પ્રથમ દાવા એટલે કે સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, જો કોડનો સેક્શન ૧૦ વર્તમાન કેસના તથ્યોને લાગુ પડતો ન હોય તો પણ; કોડના સેક્શન ૧૫૧ હેઠળની અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરીને, સ્ટે આપી શકાય છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે વર્તમાન કેસ કોડના સેક્શન ૧૫૧ ની મર્યાદામાં સ્પષ્ટપણે આવે છે અને તેથી, કોમર્શિયલ કોર્ટ અરજદાર દ્વારા ફાઈલ કરવામાં આવેલી અરજીને રદ કરવામાં ન્યાયોચિત ન હતી.

૩.૧ આંક ૧૬૬ ની અરજીનો સંદર્ભ આપતા, એવું દર્શાવવામાં આવ્યું હતું કે તે કોડના સેક્શન ૧૫૧ સાથે વાંચવામાં આવતા સેક્શન ૧૦ હેઠળ કરવામાં આવી છે અને સેક્શન ૧૫૧ હેઠળની સત્તાઓ વ્યાપક હોવાથી, પ્રથમ દાવો નક્કી ન થાય ત્યાં સુધી પછીના દાવાની કાર્યવાહી સ્થગિત (સ્ટે) કરવાની કોર્ટ પાસે પૂરતી સત્તાઓ હતી.

૩.૨ આવી રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે મનોહર લાલ ચોપરા વિ. રાય બહાદુર રાવ સેઠ હીરાલાલ, એઆઈઆર ૧૯૬૨ એસસી ૫૨૭ ના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય પર આધાર રાખ્યો હતો, જેમાં કોર્ટે હોલ્ડ કર્યું હતું કે કોડના સેક્શન ૯૪ માં એવો કોઈ શબ્દપ્રયોગ નથી, જે ઓર્ડર ૩૭ માં અથવા કોડ હેઠળ બનાવેલા કોઈ નિયમો દ્વારા આવરી લેવામાં આવ્યા ન હોય તેવી

પરિસ્થિતિઓમાં અસ્થાયી મનાઈહુકમ (ટેમ્પરરી ઈન્જંક્શન) આપવાની સ્પષ્ટ મનાઈ કરતો હોય. એ સુસ્થાપિત છે કે ધારાસભા ભવિષ્યના દાવાઓમાં ઉદ્‌ભવી શકે તેવી તમામ સંભવિત પરિસ્થિતિઓની કલ્પના કરવા અને પરિણામે તેમના માટેની પ્રક્રિયા પૂરી પાડવા માટે અસમર્થ છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેથી, વર્તમાન કેસ કોડના સેક્શન ૧૦ હેઠળ દર્શાવેલ આકસ્મિકતાઓમાં ન આવતો હોય તો પણ, સેક્શન ૧૫૧ હેઠળની અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરીને રાહત આપવા માટે કોર્ટ પર કોઈ પ્રતિબંધ નથી.

૩.૩ અર્જુન સિંહ વિ. મોહિન્દર કુમાર, એઆઈઆર ૧૯૬૪ એસસી ૯૯૩ ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે હોલ્ડ કર્યું હતું કે કોર્ટની અંતર્નિહિત સત્તા કાયદાની સ્પષ્ટ જોગવાઈઓને ઓવરરાઈડ કરી શકતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, જો કોઈ ચોક્કસ વિષય સાથે વ્યવહાર કરતી કોડની વિશિષ્ટ જોગવાઈઓ હોય અને તે સ્પષ્ટપણે અથવા આવશ્યક ગર્ભિતાર્થ દ્વારા બાબતના સંબંધમાં વાપરી શકાય તેવી કોર્ટની સત્તાઓ અથવા અધિકારક્ષેત્રનો સંપૂર્ણ વ્યાપ પૂરો કરતી હોય, તો કોડ દ્વારા આપવામાં આવેલી સત્તાઓને ઓવરરાઈડ કરવા માટે કોર્ટની અંતર્નિહિત સત્તાનો ઉપયોગ કરી શકાતો નથી. કોડમાં સમાવિષ્ટ પ્રતિબંધ સ્પષ્ટ હોવો જરૂરી નથી પરંતુ તે જે પરિસ્થિતિઓને આવરી લેવા માટે જોગવાઈઓ કરે છે તેના સ્વરૂપ પરથી ગર્ભિત હોઈ શકે છે.

૩.૪ રામ ચંદ એન્ડ સન્સ સુગર મિલ્સ (પી) લિમિટેડ વિ. કન્હૈયાલાલ ભાર્ગવ, એઆઇઆર ૧૯૬૬ એસસી ૧૮૯૯ ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર એવા પ્રતિપાદન માટે પણ આધાર રાખવામાં આવ્યો હતો કે કોડના ઓર્ડર XXIX માં એવું કંઈ નથી જે સ્પષ્ટપણે અથવા આવશ્યક ગર્ભિતાર્થ દ્વારા તેના સેક્શન ૧૫૧ હેઠળ કોર્ટની અંતર્નિહિત સત્તાના ઉપયોગને રોકતું હોય.

૩.૫ શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ વિ. માચાડો બ્રધર્સ, એઆઈઆર ૨૦૦૪ એસસી ૨૦૯૩ ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટને એવા પ્રતિપાદન માટે ટાંકવામાં આવ્યું હતું કે જો એવી કોઈ વિશિષ્ટ જોગવાઈ ન હોય જે કોડના સેક્શન ૧૫૧ હેઠળ ફાઈલ કરાયેલી અરજીમાં માંગવામાં આવેલી રાહત આપવાની મનાઈ કરતી હોય, તો કોર્ટની પ્રક્રિયાના દુરુપયોગને રોકવા માટે યોગ્ય ઓર્ડર કરવા માટે કોર્ટ પાસે સેક્શન ૧૫૧ હેઠળ તમામ જરૂરી સત્તાઓ છે. તેથી, સેક્શન ૧૫૧ હેઠળની સત્તાનો ઉપયોગ કરતી કોર્ટે સૌપ્રથમ એ વિચારવું પડે કે શું આવી સત્તાનો ઉપયોગ કોડની અન્ય કોઈ જોગવાઈઓ દ્વારા સ્પષ્ટપણે પ્રતિબંધિત છે કે નહીં અને જો એવો કોઈ પ્રતિબંધ ન હોય, તો કોર્ટ અરજીમાં જણાવેલ તથ્યોના આધારે વિચાર કરશે કે આવી સત્તાનો ઉપયોગ કરવો જોઈએ કે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે કોડનો સેક્શન ૧૦, સેક્શન ૧૦ માં વર્ણવેલ પરિસ્થિતિઓમાં કોર્ટને આગળ વધવા

પર પ્રતિબંધ મૂકે છે, ત્યારે તે એવું નથી કહેતો કે કોર્ટ અન્ય પરિસ્થિતિઓમાં સ્ટે આપી શકતી નથી. એવી દલીલ કરવામાં આવી હતી કે કોડનો સેક્શન ૧૦ અરજદારની અરજીને બાદ કરતો નથી કારણ કે તે હજુ પણ કોડના સેક્શન ૧૫૧ હેઠળ ટકી શકે છે.

૩.૬ છેલ્લે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે અરજીને એટલી નિરર્થક કહી શકાય નહીં કે કોમર્શિયલ કોર્ટે કર્યું છે તેમ રૂ.૫૦,૦૦૦/– નો ખર્ચ લાદવામાં આવે.

૪. અરજીનો સખત વિરોધ કરતા, સામવાળાના વિદ્વાન વકીલ શ્રી અમર ભટ્ટ સાથે સીનિયર એડવોકેટ શ્રી મિહિર જોશીએ અરજદાર દ્વારા ફાઈલ કરવામાં આવેલી અરજી (આંક ૧૬૬) ની વિગતો તરફ કોર્ટનું ધ્યાન દોર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે અરજીમાં કરવામાં આવેલા કથનો પરથી એ સ્પષ્ટ થાય છે કે અરજી મુખ્યત્વે કોડના સેક્શન ૧૦ હેઠળ છે. સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩ ના દાવાની વિગતોનો સંદર્ભ આપતા, એવું દર્શાવવામાં આવ્યું હતું કે તે કાયમી મનાઈહુકમ (પરમેનન્ટ ઈન્જંક્શન) માટેનો દાવો છે. દાવામાં કરવામાં આવેલા કથનોનો સંદર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે બોમ્બે રિલીફ અંડરટેકિંગ્સ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૫૮ (આ પછી જેને "બીઆરયુ એક્ટ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)

હેઠળ મંજૂર કરાયેલા મનાઈહુકમના સંદર્ભમાં દાખલ કરવામાં આવ્યો છે. સિવિલ સૂટ નં.૩૨૧૩/૨૦૦૪ ના દાવાની વિગતોનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે પાછળથી કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬ માં રૂપાંતરિત થયો હતો, તે દર્શાવવા માટે કે પછીનો દાવો દાખલ કરવા માટેનું કારણ (કોઝ ઓફ એક્શન) અને તેમાં માંગવામાં આવેલી રાહત પ્રથમ દાવા કરતા તદ્દન અલગ છે અને તેથી, કોડના સેક્શન ૧૦ ના પરિમાણોમાંથી એક પણ સંતોષાતું નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રથમ દાવામાં જે બાબત મુદ્દા પર છે તે પછીના દાવામાં સીધી અને સબસ્ટેન્શિયલી રીતે મુદ્દા પર નથી. દાવાઓ સમાન પક્ષકારો વચ્ચેના નથી. પ્રથમ દાવો સિટી સિવિલ કોર્ટ, અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે પછીનો દાવો કોમર્શિયલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે, જે સમકક્ષ અધિકારક્ષેત્ર ધરાવતી કોર્ટો નથી અને તેથી, કોડના સેક્શન ૧૦ ની એક પણ જરૂરિયાત સંતોષાતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે સેક્શન ૧૫૧ સાથે વાંચવામાં આવતા સેક્શન ૧૦ હેઠળની અરજી પુરાવાની નોંધણી પૂર્ણ થયા પછી અને મૌખિક રજૂઆતોના તબક્કે ખૂબ જ વિલંબિત તબક્કે ફાઈલ કરવામાં આવી છે, કારણ કે વર્ષ ૨૦૦૪ માં દાખલ કરાયેલા દાવાના સંબંધમાં તારીખ ૨૩.૧૦.૨૦૧૮ ના રોજ અરજી કરવામાં આવી છે. એવી દલીલ કરવામાં આવી હતી કે જો કોડના સેક્શન ૧૦ ની જોગવાઈઓ લાગુ પડતી નથી, તો આક્ષેપિત ઓર્ડરમાં કોઈ ખામી નથી અને તેથી ખર્ચ લાદવો સંપૂર્ણપણે ન્યાયોચિત છે.

૪.૧ મનોહર લાલ ચોપરા વિ. રાય બહાદુર રાવ સેઠ હીરાલાલ (ઉપરોક્ત) ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો સંદર્ભ એવા પ્રતિપાદન માટે આપવામાં આવ્યો હતો કે અંતર્નિહિત સત્તાઓ કોઈ પણ રીતે કોડની જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થતી નથી, જે સેક્શન ૧૫૧ માં જ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. પરંતુ તે સત્તાઓનો ઉપયોગ ત્યારે કરવાનો નથી જ્યારે તેમનો ઉપયોગ કોડમાં સ્પષ્ટપણે પૂરી પાડવામાં આવેલી જોગવાઈઓ સાથે અથવા ધારાસભાના આશય વિરુદ્ધ સંઘર્ષમાં હોય. વ્યવહારિક હેતુઓ માટે, તે સત્તાઓના ઉપયોગ પરનો આ પ્રતિબંધ એટલા માટે નથી કે તે સત્તાઓ કોડની જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થાય છે, પરંતુ એટલા માટે કે એવું માની લેવું જોઈએ કે અમુક પરિસ્થિતિઓમાં ઓર્ડર માટે ધારાસભા દ્વારા વિશિષ્ટ રીતે પૂરી પાડવામાં આવેલી પ્રક્રિયા ન્યાયના હિતો દ્વારા સંચાલિત થાય છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે કોડનો સેક્શન ૧૦ તેમાં પૂરી પાડવામાં આવેલી ચોક્કસ પરિસ્થિતિઓમાં જ અને અન્ય કોઈ પરિસ્થિતિમાં નહીં, પછીના દાવાની કાર્યવાહીને અટકાવવાનું વિચારાય છે, અને તેથી, ઉપરોક્ત જજમેન્ટમાં કરાયેલા અવલોકનો વર્તમાન કેસના તથ્યોને સ્પષ્ટપણે લાગુ પડશે.

૪.૨ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સિસ વિ. સી. પરમેશ્વરા, (૨૦૦૫) ૨ એસસીસી ૨૫૬ ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પર

એવા પ્રતિપાદન માટે આધાર રાખવામાં આવ્યો હતો કે જ્યાં કોડ સ્પષ્ટપણે કોઈ ચોક્કસ બાબત સાથે વ્યવહાર કરે છે, ત્યાં જોગવાઈને સામાન્ય રીતે સંપૂર્ણ માનવી જોઈએ. સદર કેસના તથ્યોમાં, કોર્ટે અવલોકન કર્યું હતું કે કોડના સેક્શન ૧૦ ને કોઈ લાગુ પડવાપણું ન હતું અને પરિણામે, સેક્શન ૧૫૧ નો ઉપયોગ કરીને સેક્શન ૧૦ ને બાયપાસ કરવાનું હાઈકોર્ટ માટે ખુલ્લું ન હતું.

૪.૩ અર્જુન સિંહ વિ. મોહિન્દર કુમાર (ઉપરોક્ત) ના કેસમાં સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો સંદર્ભ આપતાં, જેના પર અરજદાર વતી આધાર રાખવામાં આવ્યો છે, એવું દર્શાવવામાં આવ્યું હતું કે તેના ફકરા ૧૯ અને ૨૦ માં, સુપ્રીમ કોર્ટે હોલ્ડ કર્યું છે કે કોર્ટની અંતર્નિહિત સત્તા કાયદાની સ્પષ્ટ જોગવાઈઓને ઓવરરાઈડ કરી શકતી નથી. જો કોઈ ચોક્કસ વિષય સાથે વ્યવહાર કરતી કોડની વિશિષ્ટ જોગવાઈઓ હોય અને તે સ્પષ્ટપણે અથવા આવશ્યક ગર્ભિતાર્થ દ્વારા બાબતના સંબંધમાં વાપરી શકાય તેવી કોર્ટની સત્તાઓ અથવા અધિકારક્ષેત્રનો સંપૂર્ણ વ્યાપ પૂરો કરતી હોય, તો કોડ દ્વારા આપવામાં આવેલી સત્તાઓને ઓવરરાઈડ કરવા માટે કોર્ટની અંતર્નિહિત સત્તાનો ઉપયોગ કરી શકાતો નથી. કોડમાં સમાવિષ્ટ પ્રતિબંધ સ્પષ્ટ હોવો જરૂરી નથી પરંતુ તે જે પરિસ્થિતિઓને આવરી લેવા માટે જોગવાઈઓ કરે છે તેના સ્વરૂપ પરથી ગર્ભિત હોઈ શકે છે. જો દરેક પરિસ્થિતિ માટે જોગવાઈ કરવામાં આવી હોય, તો એ ન્યાયી ઠરે છે કે ન્યાયના હેતુ માટે જરૂરી ઓર્ડર કરવા માટે કોર્ટની અંતર્નિહિત

સત્તાઓનો ઉપયોગ કરવાની કોઈ જગ્યા રહેતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે કોડના સેક્શન ૧૦ હેઠળ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી હોય, ત્યારે કોર્ટની અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરવાની કોઈ જગ્યા નથી.

૪.૪ વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે કોડનો સેક્શન ૯૪(ઈ) એ મુખ્ય સેક્શન છે અને કોમર્શિયલ કોર્ટ દ્વારા અરજી યોગ્ય રીતે રદ કરવામાં આવી છે. એવી દલીલ કરવામાં આવી હતી કે અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરવા અંગેની દલીલ કોમર્શિયલ કોર્ટ સમક્ષ ઉઠાવવામાં આવી ન હતી કે રજૂ કરવામાં આવી ન હતી અને અરજીમાં માંગવામાં આવેલી રાહત કોડના સેક્શન ૧૦ ની વિરુદ્ધ જાય છે અને તેથી, કોડનો સેક્શન ૧૫૧ લાગુ પડતો નથી.

૪.૫ એવું પણ જણાવવામાં આવ્યું હતું કે જ્યાં કાર્યવાહી ત્રાસદાયક હોય ત્યાં પણ કોડના સેક્શન ૧૫૧ નો ઉપયોગ થઈ શકે છે, જ્યારે પછીનો દાવો અલગ પક્ષકાર વિરુદ્ધ દાખલ કરવામાં આવ્યો છે અને તેને ત્રાસદાયક કહી શકાય નહીં. આવી રજૂઆતના સમર્થનમાં, મનોહર લાલ ચોપરા વિ. રાય બહાદુર રાવ સેઠ હીરાલાલ (ઉપરોક્ત) ના કેસમાં સુપ્રીમ કોર્ટના નીચેના અવલોકનો પર આધાર રાખવામાં આવ્યો હતો:

> *"૨૭. અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કોર્ટ દ્વારા ખૂબ જ અપવાદરૂપ સંજોગોમાં કરવાનો હોય છે, જેના માટે કોડ કોઈ*

પ્રક્રિયા નક્કી કરતો નથી.

૨૮. કાયદાની નિયમિતપણે રચાયેલી કોર્ટમાં અન્ય કોઈ દાવા સાથે આગળ વધતા પક્ષકારને રોકતો ઓર્ડર આપવાનો પ્રશ્ન ખૂબ કાળજી અને વિચારણાને પાત્ર છે અને જ્યાં સુધી ન્યાયના હેતુઓ માટે તે તદ્દન આવશ્યક ન હોય ત્યાં સુધી એવો ઓર્ડર કરવાનો નથી.

૨૯. આ સંબંધમાં, કોહેન વિ. રોથફિલ્ડ, ૧૯૧૯-૧ કેબી ૪૧૦ માં જે કહેવામાં આવ્યું હતું તેનો ઉપયોગી સંદર્ભ આપી શકાય છે અને જે કેસે આ દેશમાં આવી મનાઈહુકમના ઓર્ડર આપવાની બાબતમાં કોર્ટના નિર્ણય પર પ્રભાવ પાડ્યો હોય તેવું જણાય છે. સ્ક્રટન, એલ. જે. એ પૃષ્ઠ ૪૧૩ પર કહ્યું:

"જ્યાં અન્ય દાવો પેન્ડિંગ છે તેવા ગ્રાઉન્ડ પર કાર્યવાહી પર સ્ટે આપવાનો પ્રસ્તાવ હોય, અને જે કાર્યવાહી પર સ્ટે આપવાનો છે તે કોર્ટ પાસે ઓર્ડર કરવાની માંગણી કરવામાં આવી ન હોય, તો બીજો દાવો લાવનાર વ્યક્તિને કાર્યવાહી આગળ વધારતા રોકીને તે જ પરિણામ મેળવવામાં આવે છે. પરંતુ, પરિણામ અન્ય અધિકારક્ષેત્રમાં કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરવાનું હોવાથી, બીજી

કોર્ટમાં અયોગ્ય હસ્તક્ષેપનો દેખાવ પણ ટાળવા માટે આ સત્તાનો ઉપયોગ ખૂબ સાવધાનીપૂર્વક થવો જોઈએ."

અને ફરીથી, પૃષ્ઠ ૪૧૫ પર:

"તેથી, પ્રતિવાદીને વિદેશમાં દાવો દાખલ કરતા રોકવાનો અધિકારક્ષેત્ર હોવા છતાં, તે ખૂબ જ ભાગ્યે જ ઉપયોગમાં લેવાતું અધિકારક્ષેત્ર છે, અને અરજદાર દ્વારા રજૂ કરાયેલા પૂરતા પુરાવા પર અને ખૂબ જ કાળજીપૂર્વક તેનો ઉપયોગ કરવો જોઈએ કે વિદેશમાં કાર્યવાહી ખરેખર ત્રાસદાયક અને નકામી છે."

પ્રતિવાદી દ્વારા દાખલ કરાયેલા પછીના દાવા સામે રોક ઓર્ડર આપવા માટે અગાઉ દાખલ કરાયેલા દાવામાં વાદી માટે દર્શાવવામાં આવેલ સિદ્ધાંત આ કેસમાં પૃષ્ઠ ૪૧૫ પર આ મુજબ જણાવેલ છે:

"મને એવું લાગે છે કે જ્યાં સુધી અરજદાર કોર્ટને સંતોષ ન આપે કે પ્રતિવાદી કિંગ્સના રાજ્યના અન્ય ભાગમાં વાદી તરીકેની

કાર્યવાહી આગળ વધારીને કોઈ લાભ મેળવી શકતો નથી, ત્યાં સુધી કોર્ટે તેને એકમાત્ર કાર્યવાહી આગળ વધારતા રોકવો જોઈએ નહીં જેને તે, વાદી તરીકે, નિયંત્રિત કરી શકે છે. આ સિદ્ધાંત પર વારંવાર કાર્ય કરવામાં આવ્યું છે."

વિવાદમાં રહેલ મનાઈહુકમનો ઓર્ડર આવા કોઈ સિદ્ધાંત પર આધારિત નથી. હકીકતમાં, વર્તમાન કેસમાં, અગાઉ દાખલ કરાયેલા દાવાના પ્રતિવાદીએ અગાઉ દાખલ કરાયેલા દાવાના વાદી વિરુદ્ધ મનાઈહુકમનો ઓર્ડર મેળવ્યો છે.

૩૦. દાવો કઈ બાબતોને લીધે ત્રાસદાયક બને તેની વિચારણાઓ હાઈમેન વિ. હેલ્મ, (૧૮૮૩) ૨૪ સીએચ ડી ૫૩૧ માં સારી રીતે સમજાવવામાં આવી છે. તે કેસમાં, હાઈકોર્ટના ચાન્સરી ડિવિઝન સમક્ષની એક કાર્યવાહીમાં પ્રતિવાદીએ સાન ફ્રાન્સિસ્કોમાં વાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. વાદીઓએ, ઈંગ્લેન્ડમાં એક કાર્યવાહીમાં, સાન ફ્રાન્સિસ્કોમાં કાર્યવાહીમાં આગળ વધતા પ્રતિવાદીઓને રોકવા માટે કોર્ટને વિનંતી કરી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે સાન ફ્રાન્સિસ્કોમાં દાવો લાવવો પ્રતિવાદીઓ માટે ત્રાસદાયક હતો કારણ કે કાર્યવાહીના સાક્ષીઓ

ઈંગ્લેન્ડના રહેવાસી હતા, પક્ષકારો વચ્ચેનો કરાર અંગ્રેજી કરાર હતો અને તેની પરિપૂર્તિ ઈંગ્લેન્ડમાં થઈ હતી. સાન ફ્રાન્સિસ્કોમાં પ્રતિવાદીઓની પછીની કાર્યવાહી ત્રાસદાયક હતી તેવી દલીલને નકારતા, બ્રેટ, એમ. આર. એ પૃષ્ઠ ૫૩૭ પર કહ્યું:

"જો તે દાવાને ત્રાસદાયક બનાવે છે તો તે કોર્ટના હસ્તક્ષેપનું ગ્રાઉન્ડ બનશે, ભલે ઈંગ્લેન્ડમાં કોઈ દાવો જ ન હોય, સાન ફ્રાન્સિસ્કોમાં દાવાને ત્રાસદાયક હોવાનો આક્ષેપ કરવાનું ગ્રાઉન્ડ એ છે કે તે અસુવિધાજનક જગ્યાએ લાવવામાં આવ્યો છે. પરંતુ તે એવા પ્રકારનો ત્રાસ નથી કે જેના પર અંગ્રેજી કોર્ટ કાર્ય કરી શકે.

મને લાગે છે કે જ્યાં કોઈ પક્ષકાર એ જ પક્ષકારો વચ્ચેના અન્ય દાવાને રોકવા માટે કોર્ટના આ હસ્તક્ષેપનો દાવો કરે છે, ત્યારે કોર્ટને દર્શાવવાની જવાબદારી તેના પર રહે છે કે દાવાઓની બહુલતા ત્રાસદાયક છે, અને પુરાવાનો આખો બોજ તેના પર રહે છે. તે માત્ર દાવાઓની બહુલતા છે તે દર્શાવીને પુરાવાના બોજને સંતોષતો નથી, તેણે આગળ વધવું પડશે. જો એક જ વાદી દ્વારા એક જ પ્રતિવાદી વિરુદ્ધ ઈંગ્લેન્ડમાં એ જ દાવાના કારણ માટે બે દાવા લાવવામાં આવે, તો, જેમ મૈકહોનરી વિ. લુઈસ (૨૨

સીએચ. ડી. ૩૯૭) અને પેરુવિયન ગુઆનો કંપની વિ. બોકવોલ્ડટ (૨૩ સીએચ. ડી. ૨૨૫) ના કેસમાં કહેવામાં આવ્યું હતું તેમ, પ્રથમ દર્શનીય રીતે તે ત્રાસદાયક છે, અને તેથી આવી દાવાઓની બહુલતા વિશે ફરિયાદ કરનાર પક્ષકારે કોર્ટના હસ્તક્ષેપ માટે પ્રથમ દર્શનીય કેસ બનાવ્યો છે. જ્યાં ઈંગ્લેન્ડમાં વાદી દ્વારા દાવો કરવામાં આવે છે, અને ઈંગ્લેન્ડમાં પ્રતિવાદી દ્વારા વળતો દાવો કરવામાં આવે છે, ત્યાં ત્રાસદાયક હોવાનો એ જ પ્રથમ દર્શનીય કેસ ઉદ્ભવે છે કે કેમ તે નક્કી કરવાનો ખૂબ જ મુશ્કેલ મુદ્દો છે અને હું એવું કહેવા તૈયાર નથી કે તે થાય છે."

એ નોંધવું જોઈએ કે ત્રાસદાયક દાવા માટેનો આ પ્રશ્ન અગાઉ દાખલ કરાયેલા દાવામાં પ્રતિવાદી દ્વારા લાવવામાં આવેલા પછીના દાવાના સંદર્ભમાં અને અગાઉના દાવાના વાદી દ્વારા મનાઈહુકમના ઓર્ડર માંગવામાં આવ્યો હોય ત્યારે વિચારણા હેઠળ હતો. આપણી સમક્ષના કેસમાં, પછીના દાવાનો વાદી અગાઉના દાવાના વાદીને તેનો દાવો આગળ વધારતા રોકવા માંગે છે. જ્યારે અગાઉનો દાવો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હોય ત્યારે સામાન્ય સિદ્ધાંતો પર આને વ્યાજબી ઠેરવી શકાય નહીં."

૪.૬ એવી રજૂઆત કરવામાં આવી હતી કે વર્તમાન કેસના તથ્યોમાં, પક્ષકારો અલગ છે; દાવાના કારણો અલગ છે; અને માંગવામાં આવેલી રાહતો પણ અલગ છે; અને તેથી, કોઈપણ હેતુ માટે દાવા પર મનાઈહુકમ આપવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે કોડના સેક્શન ૧૦ હેઠળની અરજી કોઈપણ તબક્કે કરી શકાય છે, ત્યારે સેક્શન ૧૫૧ ના હેતુઓ માટે, અરજીમાં ખૂબ વિલંબ થયો છે.

૫. વળતી દલીલમાં, અરજદારના વિદ્વાન વકીલ શ્રી મિહિર ઠાકોરે રજૂઆત કરી હતી કે કોડનો સેક્શન ૧૦ તેમાં દર્શાવેલ સંજોગોમાં કાર્યવાહી પર સ્ટે આપવાનો આદેશ આપે છે. સેક્શન ૧૫૧ હેઠળની સત્તા સેક્શન ૧૦ ના કારણે મર્યાદિત થતી નથી. શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ વિ. માચાડો બ્રધર્સ (ઉપરોક્ત) માં સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો સંદર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી હતી કે નિર્ણયના ફકરા ૨૦ માં કોર્ટે સુપ્રીમ કોર્ટના ચાર જજોના જજમેન્ટ દ્વારા ૧૯૬૨ થી જ આપેલા સિદ્ધાંતનું પાલન કર્યું છે, જે કહે છે કે જ્યાં સુધી સ્પષ્ટપણે મનાઈ ન હોય ત્યાં સુધી, પરિસ્થિતિને સેક્શન ૧૫૧ હેઠળ હેન્ડલ કરી શકાય છે. આમ, સેક્શન ૧૦ અથવા કોડની અન્ય કોઈ જોગવાઈમાં કોઈ સ્પષ્ટ પ્રતિબંધ ન હોવાથી, વર્તમાન કેસના તથ્યોમાં, સેક્શન ૧૫૧ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરવાની જરૂર છે.

૬. ઉપરોક્ત તથ્યો અને રજૂઆતોની પૃષ્ઠભૂમિમાં, વર્તમાન કેસના તથ્યોનો ટૂંકો સંદર્ભ આપી શકાય છે. સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩, પ્રતિવાદી – (બેંક ઓફ બહરીન અને કુવેત બી.એસ.સી.) ને વાદીનું દેવું વસૂલ કરવાથી રોકવા માટે અને વાદી બીઆરચુ એક્ટના નોટિફિકેશન હેઠળ સંરક્ષિત હોવાથી તેની કસ્ટડીમાં પડેલ એચડીએફસી બેંક પર દોરેલ રૂ.૭,૫૦,૦૦,૦૦૦/– ની રકમનો પોસ્ટ–ડેટેડ ચેક સહિતની કોઈ જામીનગીરી અમલમાં ન મૂકવા અથવા કોઈ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ ન કરવા માટેની સૂચના આપવા માટે દાખલ કરવામાં આવ્યો છે. સિવિલ સૂટ નં.૩૨૧૩/૨૦૦૪ (હવે કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬) દ્વારા, જે વાદી દ્વારા અરજદાર – એચડીએફસી બેંક લિમિટેડ સામે દાખલ કરવામાં આવ્યો છે, વાદી એવું જાહેર કરવાની માંગ કરે છે કે વાદીના ખાતામાં અપૂરતા ભંડોળ હોવા છતાં અને સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩ માં કોર્ટનો મનાઈહુકમનો ઓર્ડર હોવા છતાં પ્રતિવાદી બેંક દ્વારા વિવાદાસ્પદ ચેક પાસ કરીને બીબીકે ને રૂ.૭,૫૦,૦૦,૦૦૦/– ની રકમ ચૂકવવાની અને વાદીના ખાતામાં ઉધારી (ડેબિટ) કરવાની કાર્યવાહી ગેરકાયદેસર છે, અને તદનુસાર, સદર ડેબિટ એન્ટ્રી રદ કરવાની માંગ કરે છે; તે વધુમાં એવું જાહેર કરવાની માંગ કરે છે કે આ પ્રકારની કાર્યવાહી બદનિયત પૂર્વકની છે અને બેંકે આ રકમનો ગેરઉપયોગ કર્યો છે; અને વાદી દ્વારા તે ખાતા પર ઈશ્યુ કરાયેલા ચેકોને ૨૩/૧૨/૨૦૦૪ ના રોજ તે ખાતામાં રહેલી બાકી

રકમ સુધી અને દાવાની તારીખ સુધી જમા થઈ શકે તેવી અને તે પછી તેમાં જમા થઈ શકે તેવી રકમો સુધી નકારવાથી પ્રતિવાદીને રોકવા માટે અને દાવાની તારીખ સુધીમાં જે રકમ જમા થઈ ગઈ હોય અથવા ત્યારબાદ સદર ખાતાઓમાં જમા થઈ શકે તેવી કોઈ પણ રકમ ટ્રાન્સફર કરવાથી કે ઉપાડી લેવાથી પ્રતિવાદીને વધુ રોકવા માટેની માંગ કરે છે.

૭. અહીંના અરજદારે કોડના સેક્શન ૧૫૧ સાથે વાંચવામાં આવતા સેક્શન ૧૦ હેઠળ આંક–૧૬૬ ની નીચે એવી રજૂઆત કરતી અરજી ફાઈલ કરી હતી કે વાદીએ એક જ ઈન્સ્ટ્રુમેન્ટ અંગે દાવા ફાઈલ કર્યા છે અને બંને દાવાઓની રાહતો સમાન રીતે એકસરખી છે અને ઉપરોક્ત દાવાઓ સાથે પણ સંબંધિત છે. વાદીએ બીબીકે બેંક અને એચડીએફસી બેંક સામે એક જ દાવો દાખલ કરવો જોઈતો હતો, પરંતુ વાદીએ ઈરાદાપૂર્વક બે અલગ–અલગ દાવા દાખલ કર્યા છે અને આ રીતે કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરી રહ્યો છે. તેમાં આગળ એવું કથન કરવામાં આવ્યું છે કે બંને દાવાઓની વિષયવસ્તુ સમાન અને એકસરખી છે અને બંને બાબતોમાં સંકળાયેલા મુદ્દાઓ એકસરખા છે, અને તેથી, વાદીના દાવાને કોડનો સેક્શન ૧૦ પણ નડે છે. વધુમાં એવું કથન કરવામાં આવ્યું છે કે બંને દાવાઓની રાહતો અગાઉ દાખલ કરાયેલા દાવામાં સીધી અને સબસ્ટેન્શિયલી રીતે મુદ્દા પર છે અને તેથી, પછીના દાવાને કોડનો સેક્શન ૧૦ આકર્ષાય છે અને અમદાવાદની સિટી સિવિલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ સિવિલ સૂટ

નં.૧૩૬૦/૨૦૦૩ નો નિકાલ ન થાય ત્યાં સુધી પછીના દાવા પર સ્ટે આપવો જરૂરી છે.

૮. કોમર્શિયલ કોર્ટે, આક્ષેપિત ઓર્ડર દ્વારા હોલ્ડ કર્યું છે કે બીજો દાવો દાખલ કરવા માટેનું કારણ (કોઝ ઓફ એક્શન) ત્યારે જ ઊભું થયું જ્યારે બેંક ઓફ બહરીન અને કુવેત દ્વારા રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- ના ચેક વટાવવામાં આવ્યા હતા; બંને દાવામાં પક્ષકારો અલગ છે; પ્રથમ કોર્ટ બીજા દાવામાં માંગવામાં આવેલી રાહત આપવા માટે સક્ષમ હોવી જોઈએ, જ્યારે આ કેસમાં પ્રથમ દાવો સિટી સિવિલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે, પરંતુ બીજો દાવો કોમર્શિયલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે, અને આ દાવામાં માંગવામાં આવેલી રાહત સિટી સિવિલ કોર્ટ દ્વારા આપી શકાય નહીં. વધુમાં એવું પણ અવલોકન કરવામાં આવ્યું છે કે આ અરજી આખરી દલીલો માટે બાબત નક્કી થયા બાદ અને ટ્રાયલ પૂરી થયા બાદ ફાઈલ કરવામાં આવી હતી. કોમર્શિયલ કોર્ટનો એવો અભિપ્રાય હતો કે પ્રતિવાદીનું વર્તન દાવાની કાર્યવાહીમાં વિલંબ કરવાનું છે અને તેથી, તેણે રૂ.૫૦,૦૦૦/- નો ખર્ચ લાદ્યો હતો.

૯. સેક્શન ૧૫૧ સાથે વાંચવામાં આવતા સેક્શન ૧૦ હેઠળ કરવામાં આવેલી અરજીનું અવલોકન કરતા એ બાબત બહાર આવે છે કે મોટાભાગે અરજી કોડના સેક્શન ૧૦ હેઠળ લાવવામાં આવી છે. જોકે, આ કોર્ટ સમક્ષ, અરજદારના

વિદ્વાન વકીલે કોડના સેક્શન ૧૫૧ હેઠળ અરજીને યોગ્ય ઠેરવવા પ્રયાસ કર્યો છે.

૧૦. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રથમ પ્રશ્ન એ છે કે શું કોડના સેક્શન ૧૦ ની જોગવાઈઓ વર્તમાન કેસના તથ્યોને લાગુ પડશે કે કેમ. આ સંબંધમાં, સંબંધિત દાવાઓમાં કરવામાં આવેલા કથનોનું અવલોકન કરતા એ બાબત બહાર આવે છે કે પ્રથમ દાવો, એટલે કે સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩, પ્રતિવાદી બેંક ઓફ બહરીન અને કુવેત દ્વારા મંજૂર કરવામાં આવેલી રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- ની મધ્યમ ગાળાની લોનના સ્વરૂપમાં ક્રેડિટ ફેસિલિટી મંજૂર કરવાના સંદર્ભમાં હતો. કરારની શરતો મુજબ, વાદીએ બીજા દાવામાં સામવાળા એવી એચડીએફસી બેંક પર દોરેલો રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- નો પોસ્ટ-ડેટેડ ચેક ઈશ્યુ કર્યો હતો. તેને સામનો કરવો પડેલી નાણાકીય મુશ્કેલીઓના કારણે, વાદીએ બેંક ઓફ બહરીન અને કુવેતને નજીકના ભવિષ્યમાં પોસ્ટ-ડેટેડ ચેક જમા ન કરવા વિનંતી કરી હતી. વાદી બીઆરયુ એક્ટ હેઠળ પણ રજિસ્ટર્ડ થયેલ હતો. તારીખ ૧૧/૧૧/૨૦૦૨ ના રોજ અથવા તેની આસપાસ, ગુજરાત સરકારે વાદીની તરફેણમાં બોમ્બે રિલીફ અંડરટેકિંગ્સ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ હેઠળ નોટિફિકેશન બહાર પાડ્યું હતું અને કંપનીના તમામ હકો, દેવાઓ અને જવાબદારીઓને મુલતવી રાખ્યા હતા. પ્રતિવાદી બેંકે વાદીને જાણ કરી હતી કે

તેઓ સદર પોસ્ટ–ડેટેડ ચેક જમા કરાવશે, તેથી વાદીએ દાવો દાખલ કર્યો હતો.

૧૧. તદનુસાર, સિવિલ સૂટ નં.૧૩૬૦/૨૦૦૩ વાદીનું દેવું વસૂલ કરવાથી તેમાંના પ્રતિવાદીને રોકવા માટે અને વાદી બીઆરયુ એક્ટ નોટિફિકેશન હેઠળ સંરક્ષિત હોવાથી તેની કસ્ટડીમાં પડેલ એચડીએફસી બેંક પર દોરેલ રૂ.૭,૫૦,૦૦,૦૦૦/– ની રકમનો પોસ્ટ–ડેટેડ ચેક સહિતની કોઈ જામીનગીરી અમલમાં ન મૂકવા અથવા કોઈ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ ન કરવા માટેની સૂચના આપવા માટે દાખલ કરવામાં આવ્યો હતો. દાવામાં જણાવ્યા મુજબનું દાવાનું કારણ (કોઝ ઓફ એક્શન) આ પ્રમાણે વંચાય છે:

> *"૧૨. આ નામદાર કોર્ટના અધિકારક્ષેત્રમાં દાવાનું કારણ ત્યારે ઊભું થયું જ્યારે વાદીએ અમદાવાદ ખાતે પ્રર્તિવાદીની ઓફરનો સ્વીકાર કયો હતો અને પ્રતિવાદી બેંક પાસેથી મધ્યમ ગાળાની લોનના સ્વરૂપમાં ક્રેડિટ ફેસિલિટી મેળવી હતી અને જ્યારે વાદીએ પ્રતિવાદી દ્વારા માંગ્યા મુજબ અન્ય દસ્તાવેજો સાથે અમદાવાદ ખાતે અધિકૃત સહીકર્તા દ્વારા યોગ્ય રીતે સહી કરેલ ઓફર લેટરની નકલ પરત કરી હતી અને અમદાવાદથી જ તે પરત કરી હતી અને જ્યારે વાદીએ અમદાવાદ*

*ખાતે ઉપરોક્ત હેતુ માટે અન્ય ઘણા દસ્તાવેજો પર સહી કરી હતી અને જ્યારે વાદીએ મધ્યમ ગાળાની લોન ફેસિલિટીની શરતો અને નિયમોના પાલનમાં પોસ્ટ–ડેટેડ ચેક સોંપ્યો હતો અને જ્યારે રાજ્ય સરકારે વાદીની તરફેણમાં બીઆરયુ એક્ટ હેઠળ ૧૧/૧૧/૨૦૦૨ ના રોજ નોટિફિકેશન બહાર પાડ્યું હતું અને જ્યારે વાદીએ રૂબરૂમાં અને ટેલિફોન પર પ્રતિવાદી બેંકને પ્રતિવાદીની કસ્ટડીમાં પડેલ સદર પોસ્ટ–ડેટેડ ચેક જમા ન કરાવવા જણાવ્યું હતું અને જ્યારે વાદીએ તારીખ ૧૪/૪/૨૦૦૩ ના પોતાના પત્ર દ્વારા પ્રતિવાદી બેંકને સદર ચેક જમા ન કરાવવા જણાવ્યું હતું અને જ્યારે પ્રતિવાદી બેંક તે માટે સંમત થઈ ન હતી અને તેથી વાદીને બીઆરયુ એક્ટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને ચેક જમા કરાવવાના માધ્યમથી પ્રતિવાદી બેંક દ્વારા બળજબરીથી વસૂલાત થવાની આશંકા છે. વાદીએ રૂબરૂમાં અને ટેલિફોન પર તેની વિવિધ બેઠકો દરમિયાન પ્રતિવાદી બેંકને બીઆરયુ નોટિફિકેશન વિશે જાણ કરી હતી. તેમ છતાં બેંકે વિવાદાસ્પદ ચેકો જમા કરાવવાની ધમકી આપી છે."*

એવું જણાય છે કે ટ્રાયલ કોર્ટે વાદીની તરફેણમાં અંતરિમ મનાઈહુકમ મંજૂર કર્યો હતો અને બેંક ઓફ બહરીન અને કુવેતને ચેક વટાવતા રોક્યા હતા.

૧૨. એવું જણાય છે કે બેંક ઓફ બહરીન અને કુવેતે ચેક રજૂ કર્યો હતો અને વાદીના ખાતામાં પૂરતું ભંડોળ ન હોવા છતાં, બેંકિંગ ભાષામાં "નેગેટિવ ક્લીયરન્સ" તરીકે ઓળખાતી પદ્ધતિ દ્વારા ક્લીયરિંગ હાઉસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેના અરજદારના ખાતામાં ચેકની રકમ બેંક ઓફ બહરીન અને કુવેતના નામે જમા કરવામાં આવી હતી. એવું જણાય છે કે અરજદારે બેંકિંગ ધોરણો મુજબ બેંક ઓફ બહરીન અને કુવેતને ચેક પરત કર્યો હતો અને રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- ની ડેબિટ એન્ટ્રી રદ કરી હતી અને આવી રકમ ૨૯/૫/૨૦૦૩ ના રોજ વાદીના ખાતામાં જમા કરી હતી, જે ૨૪/૧૨/૨૦૦૪ સુધી અવિરત રહી હતી. જો કે, ત્યાર બાદ, અરજદારે વાદીને જાણ કરી હતી કે બેંકની તુલસીયાની શાખામાં તેનું કરંટ એકાઉન્ટ નં.૦૦૧૦૩૩૦૦૦૦૨૧૦ રૂ.૭,૪૯,૯૮,૨૩૬.૫૫ પૈસાના ચોખ્ખા ડેબિટ બેલેન્સ સાથે ચાલી રહ્યું છે. વાદીના સદર ખાતામાં પૂરતું ભંડોળ ઉપલબ્ધ ન હોવા છતાં અને વાદીના ખાતામાં સદર રકમ ઉધારવામાં આવી હોવા છતાં બેંક ઓફ બહરીન અને કુવેતને રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- થી વધુ રકમ ચૂકવવાની પ્રતિવાદી બેંકની (એટલે કે અહીંના અરજદારની) કાર્યવાહીથી નારાજ થઈને, સામવાળા-વાદીએ ઉપર ફકરા ૬ માં ઉલ્લેખિત રાહતો મેળવવા માટે સિવિલ સૂટ નં.૩૨૧૩/૨૦૦૪ (હવે કોમર્શિયલ સિવિલ સૂટ નં.૧૫૪/૨૦૧૬) વાળા વર્તમાન દાવો દાખલ કર્યો હતો.

૧૩. દાવામાં જણાવ્યા મુજબનું દાવાનું કારણ (કોઝ ઓફ એક્શન) આ પ્રમાણે વંચાય છે:

> "૯. આ દાવો દાખલ કરવાનું કારણ ૨૮/૫/૨૦૦૩ ના રોજ અથવા તેની આસપાસ ઊભું થયું જ્યારે વાદીના ખાતામાં પર્યાપ્ત ભંડોળ ન હોવા છતાં અને બીબીકે સામે ચેક વટાવવા સામે અગાઉથી જ મનાઈહુકમનો ઓર્ડર વિગતો અસ્તિત્વમાં હોવા છતાં, જે અંગે પ્રતિવાદી જાણકાર હતો, બીબીકે દ્વારા રજૂ કરવામાં આવેલો તારીખ ૨૯/૧૧/૨૦૦૨ નો ચેક નં.૦૯૩૮૬૫ પ્રતિવાદીએ ખોટી રીતે પાસ કર્યો હતો; અને ૨૪/૧૨/૨૦૦૪ ના રોજ જ્યારે પ્રતિવાદીએ તુલસીયાની શાખા ખાતેના વાદીના ખાતા નં.૦૦૧૦૩૩૦૦૦૦૨૧૦ માં રૂ.૭.૫ કરોડની ખોટી ડેબિટ એન્ટ્રી કરી હતી અને તે જ દિવસે જ્યારે પ્રતિવાદીએ પ્રતિવાદીની નવરંગપુરા શાખા ખાતેના આ સાથેના એનેક્ચર-એ ના ભાગ-૧ માં વર્ણવેલ વાદીના વિવિધ ખાતાઓમાં વિવિધ રકમોની ડેબિટ એન્ટ્રીઓ કરી હતી અને સદર રકમ પ્રતિવાદીની તુલસીયાની શાખા ખાતેના ખાતા નં.૦૦૧૦૩૩૦૦૦૦૨૧૦ માં જમા કરી હતી અને તેના ખોટા, ઉપજાવી કાઢેલા અને કપટપૂર્ણ દાવા તરફ સદર

રકમોનો ગેરઉપયોગ કર્યો હતો અને ૨૫/૧૨/૨૦૦૪ ના રોજ જ્યારે વાદીને પ્રતિવાદીની ગેરકાયદેસર અને અનાધિકૃત કાર્યવાહી વિશે વાદીને માહિતગાર કરતો પ્રતિવાદીનો તારીખ ૨૪/૧૨/૨૦૦૪ નો પત્ર મળ્યો હતો."

૧૪. આમ, જ્યારે પ્રથમ દાવો તેમાંના પ્રતિવાદી (બેંક ઓફ બહરીન અને કુવેત) ને રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- ની રકમનો ચેક વટાવતા રોકવા માટે દાખલ કરવામાં આવ્યો છે, ત્યારે પછીનો દાવો વાદીના ખાતામાં પર્યાપ્ત ભંડોળ ન હોવા છતાં ચેક પાસ કરવા બદલ અને વાદીના ખાતામાં આવી રકમ ઉધારવા બદલ અરજદાર સામે દાખલ કરવામાં આવ્યો છે.

૧૫. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સિસ વિ. સી. પરમેશ્વરા (ઉપરોક્ત) માં સુપ્રીમ કોર્ટે હોલ્ડ કર્યું છે કે સેક્શન ૧૦ ને આકર્ષિત કરવા માટેની મૂળભૂત કસોટી એ છે કે, શું અગાઉના દાવામાં આખરી નિર્ણય આવ્યા પછી, એવો નિર્ણય પછીના દાવામાં રેસ જ્યુડિકાટા તરીકે કામ કરશે. સેક્શન ૧૦ માત્ર એવા કિસ્સાઓમાં જ લાગુ પડે છે જ્યાં બંને દાવાઓમાં સંપૂર્ણ વિષયવસ્તુ એકસરખી હોય. સેક્શન ૧૦ માં મુખ્ય શબ્દો "અગાઉ દાખલ કરાયેલા દાવામાં જે બાબત મુદ્દા પર છે તે સીધી અને સબસ્ટેન્શિયલી રીતે મુદ્દા પર છે" તે છે. "સીધી અને સબસ્ટેન્શિયલી રીતે મુદ્દા પર" શબ્દો "પ્રાસંગિક

અથવા આડકતરી રીતે મુદ્દા પર" શબ્દોથી વિપરીત વપરાય છે. તેથી, સેક્શન ૧૦ તો જ લાગુ પડશે જો બંને દાવાઓમાં મુદ્દા પરની બાબતમાં સમાનતા હોય, જેનો અર્થ એ થાય કે બંને કાર્યવાહીમાં સમગ્ર વિષયવસ્તુ એકસરખી છે.

૧૬. વર્તમાન કેસના તથ્યો તરફ પાછા ફરતાં, વર્તમાન દાવો દાખલ કરવા માટેનું કારણ અગાઉનો દાવો દાખલ કરવા માટેના કારણ કરતાં તદ્દન અલગ છે અને વર્તમાન દાવામાં જે બાબત મુદ્દા પર છે તેને અગાઉના દાવામાં "સીધી અને સબસ્ટેન્શિયલી રીતે મુદ્દા પર" કહી શકાય નહીં. બંને દાવાઓમાં એકમાત્ર સામાન્ય પરિબળ વાદી દ્વારા બેંક ઓફ બહરીન અને કુવેતની તરફેણમાં ઈશ્યુ કરાયેલ રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- નો ચેક છે, જોકે, તે સિવાય બંને દાવાઓમાં મુદ્દા પરની બાબતમાં કોઈ સમાનતા નથી. દાવાઓમાં માંગવામાં આવેલી રાહતો અલગ છે. સૌથી મહત્વની વાત એ છે કે, પ્રથમ દાવાની નિષ્પત્તિની બીજા દાવાની નિષ્પત્તિ પર કોઈ અસર પડશે નહીં અને પરિણામે, પ્રથમ દાવામાં આપવામાં આવેલો નિર્ણય પછીના દાવામાં રેસ જ્યુડિકાટા તરીકે કામ કરશે નહીં. તદુપરાંત, વાદી અગાઉના દાવામાં નિષ્ફળ જાય તો પણ, પછીના દાવામાં દાવાનું કારણ હજુ પણ ટકી રહેશે. બીજું નોંધપાત્ર પરિબળ એ છે કે બંને દાવામાં પક્ષકારો પણ અલગ છે. તદુપરાંત, દાવાઓ સમકક્ષ અધિકારક્ષેત્ર ધરાવતી કોર્ટોમાં પેન્ડિંગ નથી, કારણ કે અગાઉનો દાવો સિટી સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે બીજો દાવો કોમર્શિયલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે

અને સિટી સિવિલ કોર્ટને પછીના દાવાની સુનાવણી કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી. તેથી, વર્તમાન કેસના તથ્યોમાં કોડના સેક્શન ૧૦ નો ઉપયોગ કરવા માટેના પરિમાણો સંતોષાતા નથી અને તેથી, સદર સેક્શનની કોઈ લાગુ પડવાપાત્રતા રહેશે નહીં.

૧૭. ત્યારબાદ વિચારણા માટે ઊભો થતો આગળનો પ્રશ્ન એ છે કે શું વર્તમાન કેસની હકીકતો અને સંજોગોમાં સંહિતાની કલમ ૧૫૧ નો ઉપયોગ કરી શકાય?

૧૮. આ તબક્કે, સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલશ્રી દ્વારા ટાંકવામાં આવેલા નિર્ણયોનો સંદર્ભ લઈ શકાય.

૧૮.૧ મનોહર લાલ ચોપરા વિ. રાય બહાદુર રાવ સેઠ હીરાલાલ (સુપ્રા) માં, સર્વોચ્ચ અદાલતે આ મુજબ ઠરાવ્યું હતું:

> *"૧૮. આ મુદ્દા પર વડી અદાલતો વચ્ચે અભિપ્રાયનો તફાવત છે. એક વ્યુ એ છે કે જો સંજોગો સંહિતાના હુકમ ૩૯ ના જોગવાઈઓ હેઠળ ન આવતા હોય તો અદાલત વચગાળાના મનાઈહુકમનો આદેશ જારી કરી શકતી નથી: વરદાચારલુ વિ. નરસિંહા ચારલુ,*

એઆઈઆર ૧૯૨૬ મદ્રાસ ૨૫૬; ગોવિંદરાજુલુ વિ. ઇમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડિયા, એઆઈઆર ૧૯૩૨ મદ્રાસ ૧૮૦; કરુપ્પય્યા વિ. પોન્નુસ્વામી, એઆઇઆર ૧૯૩૩ મદ્રાસ ૫૦૦; મુરુગેસા મુદાલિયાર વિ. અંગામુથુ મુદાલિયાર, એઆઈઆર ૧૯૩૮ મદ્રાસ ૧૯૦ અને સુબ્રમણ્યમ વિ. સીતારામા, એઆઈઆર ૧૯૪૯ મદ્રાસ ૧૦૪. બીજો વ્યુ એ છે કે જો અદાલતનો એવો અભિપ્રાય હોય કે ન્યાયના હિતમાં આવા વચગાળાના મનાઈહુકમ જારી કરવાની જરૂર છે, તો અદાલત સંહિતાના હુકમ ૩૯ હેઠળ આવરી લેવાયેલ ન હોય તેવા સંજોગોમાં પણ વચગાળાનો મનાઈહુકમ જારી કરી શકે છે: ધનેશ્વર નાથ વિ. ઘનશ્યામ ધર, એઆઈઆર ૧૯૪૦ અલ્હાબાદ ૧૮૫; ફર્મ બિચ્છા રામ વિ. ફર્મ બલદેવ સહાય, એઆઈઆર ૧૯૪૦ અલ્હાબાદ ૨૪૧; ભગત સિંહ વિ. જગબીર સાહની, એઆઈઆર ૧૯૪૧ કલકત્તા ૬૭૦ અને ચાઈનીઝ ટેનરી ઓનર્સ એસોસિએશન વિ. મખન લાલ, એઆઈઆર ૧૯૫૨ કલકત્તા ૫૬૦. અમારો એવો અભિપ્રાય છે કે પાછળથી જણાવેલ વ્યુ સાચો છે અને અદાલતો પાસે સીપીસીના હુકમ ૩૯ ની જોગવાઈઓ હેઠળ આવરી લેવાયેલ ન હોય તેવા સંજોગોમાં અસ્થાયી મનાઈહુકમ જારી કરવાની અંતર્નિહિત ક્ષેત્રાધિકાર છે. કલમ ૯૪ માં એવું કોઈ અભિવ્યક્તિ નથી કે જે

હુકમ ૩૯ દ્વારા અથવા સંહિતા હેઠળ બનાવાયેલા કોઈ નિયમો દ્વારા આવરી લેવાયેલ ન હોય તેવા સંજોગોમાં અસ્થાયી મનાઈહુકમ જારી કરવા પર સ્પષ્ટપણે મનાઈ ફરમાવતી હોય. એ સુસ્થાપિત છે કે સંહિતાની જોગવાઈઓ સંપૂર્ણ નથી, જેનું સાદું કારણ એ છે કે ધારાશાસ્ત્રી ભવિષ્યના દાવાઓમાં ઊભા થઈ શકે તેવા તમામ સંભવિત સંજોગોની કલ્પના કરવા માટે અને પરિણામે તેમના માટે પ્રક્રિયા પૂરી પાડવા માટે અસમર્થ છે. "જો તે રીતે નિર્ધારિત કરવામાં આવે તો" એ અભિવ્યક્તિની અસર માત્ર એટલી જ છે કે જ્યારે નિયમો એવા સંજોગો નિર્ધારિત કરે છે કે જેમાં અસ્થાયી મનાઈહુકમ જારી કરી શકાય, ત્યારે સામાન્ય રીતે અદાલતે ન્યાયના હિતમાં જરૂરી આદેશો કરવા માટે તેની અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ કરવાનો હોતો નથી, પરંતુ માત્ર એ જોવાનું હોય છે કે કેસના સંજોગો તેને નિર્ધારિત નિયમ હેઠળ લાવે છે કે નહીં. જો સંહિતામાં કલમ ૯૪ ની જોગવાઈઓ ન હોત, તો પણ અદાલત અસ્થાયી મનાઈહુકમ જારી કરી શકી હોત, પરંતુ તે તેની અંતર્નિહિત ક્ષેત્રાધિકારના ઉપયોગમાં કરી શકી હોત. કોઈ પણ પક્ષકારને અદાલત તે ક્ષેત્રાધિકારનો ઉપયોગ કરે તેવો આગ્રહ રાખવાનો અધિકાર નથી અને અદાલત તેની અંતર્નિહિત ક્ષેત્રાધિકારનો ઉપયોગ ત્યારે જ કરે છે જ્યારે તે ન્યાયના હેતુ માટે

આમ કરવું તદ્દન જરૂરી માને છે. અદાલતની અસ્થાયી મનાઈહુકમ જારી કરવાની સત્તાના ઉપયોગની ઘટનામાં જ સંહિતાની કલમ ૯૪ ની જોગવાઈઓની અસર થાય છે, અદાલતની તેની અંતર્નિહિત સત્તાનો ઉપયોગ કરવાનો અધિકાર છીનવી લેવામાં નહીં.

૧૯. હુકમ ૩૯ નિયમ ૧ અને ૨ માં એવું કશુંય નથી કે જે સ્પષ્ટપણે એવું પૂરું પાડતું હોય કે તે નિયમોમાં ઉલ્લેખ ન કરાયેલ કેસોમાં અસ્થાયી મનાઈહુકમ જારી કરવાનો નથી. નિયમો માત્ર એટલું જ પૂરું પાડે છે કે તેમાં દર્શાવેલ સંજોગોમાં અદાલત અસ્થાયી મનાઈહુકમ આપવા મંજૂરી આપી શકે છે.

૨૦. વધુમાં, સંહિતાની કલમ ૧૫૧ ની જોગવાઈઓ સ્પષ્ટ કરે છે કે અંતર્નિહિત સત્તાઓ સંહિતાની જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થતી નથી. કલમ ૧૫૧ વાંચતા સંભળાય છે:

"આ સંહિતામાંની કોઈ પણ બાબત અદાલતની એવી અંતર્નિહિત સત્તાને મર્યાદિત કરતી કે અન્યથા અસર કરતી ગણાશે નહીં જે

ન્યાયના હેતુઓ માટે અથવા અદાલતની પ્રક્રિયાના દુરુપયોગને રોકવા માટે જરૂરી હોય તેવા આદેશો કરવા માટે જરૂરી હોય."

૨૧. કલમ ૭૫ અને હુકમ ૨૬ દ્વારા આવરી લેવાયેલ ન હોય તેવા સંજોગોમાં સંહિતાની કલમ ૧૫૧ હેઠળની તેની સત્તાઓના ઉપયોગમાં કમિશન જારી કરવાની અદાલતની સત્તાઓ વિશેનો આવો જ એક પ્રશ્ન પદમ સેન વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, (૧૯૬૧ ૧ એસસીઆર ૮૮૪) માં ઉપસ્થિત થયો હતો અને આ અદાલતે ઠરાવ્યું હતું કે અદાલત આવા સંજોગોમાં કમિશન જારી કરી શકે છે. પાના નંબર ૮૮૭ પર આ મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"અદાલતની અંતર્નિહિત સત્તાઓ સંહિતા દ્વારા અદાલતને સ્પષ્ટપણે આપવામાં આવેલી સત્તાઓ ઉપરાંતની છે. તે તે સત્તાઓની પૂરક છે અને તેથી એવું માનવું જોઈએ કે અદાલત સંહિતાની કલમ ૧૫૧ માં દર્શાવેલ હેતુઓ માટે તેનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે જ્યારે તે સત્તાઓનો ઉપયોગ સંહિતામાં સ્પષ્ટપણે પૂરું પાડવામાં આવેલ બાબતો સાથે કે ધારાશાસ્ત્રીના ઈરાદાઓ સામે કોઈ પણ રીતે સંઘર્ષમાં ન હોય."

